# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ suratdeo@gmail.com


તા.૨૫/૦૭/૨૦૨૫

જા.નં.મા-૨/યોજના/સંસ્કૃત સપ્તાહ/૨૦૨૫/9452 તા.૨૫/૦૭/૨૦૨૫

**ખાસ અગત્યનું**

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી,અનુદાનિત અને બિનઅનુદાનિત

માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત શહેરની ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ,

સુરત,જિ-સુરત

વિષયઃ સંસ્કૃત સપ્તાહ અંતર્ગત આગામી તા. ૦૬/૦૮/૨૦૨૫ થી ૦૮/૦૮/૨૦૨૫ સુધીમાં શાળામાં કાર્યક્રમ કરવા બાબત

સંદર્ભ :1.ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર ના તા. ૧૪/૦૭/૨૦૨૫ ના પત્ર ક્રમાંક ગુ.રા.સ.બો/૨૦૨૫/૫૦૧-૫૮૯

2. માન.કલેક્ટરશ્રી સુરતની નોંધ ઉપર મળેલ મંજુરી અન્વયે.

ઉપરોક્ત સંદર્ભ પત્ર (1) ની સુચના અન્વયે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની સુચના અન્વયે સંસ્કૃત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ઉકત તમામ પ્રકારની શાળાઓમાં અને જન સમુદાયમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ સંરક્ષણ, સંવર્ધન તેમજ પ્રચાર અર્થે આગામી તા. ૦૬/૦૮/૨૦૨૫ થી તા.૦૮/૦૮/૨૦૨૫ દરમિયાન ત્રિદિવસિય સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવા જણાવવામાં આવે છે. જે અંગે ફોટોગ્રાફસ વિડિયોગ્રાફી બનાવવાની રહેશે અને સામેલ પત્રકો અનુસાર માહિતી રોજેરોજ SVS કન્વીનરને ફોટોગ્રાફસ અને વિડિયોગ્રાફી સહિતનો અહેવાલ મોકલી આપવાનો રહેશે.

બિડાણ:- ઉપર મુજબ.

જિલ્લા શિક્ષણાધિકારી 30/7

સુરત, જિ.સુરત

નકલ રવાના જાણ સારૂ:-

- માન. કલેક્ટરશ્રી,કલેક્ટર કચેરી, સુરત
- માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત

• નોડલ અધિકારીશ્રી,ડૉ.સંગીતાબેન મિસ્ત્રી ,સુરત

## સંસ્કૃત સમાહ યોજના અંતર્ગત ત્રિદિવસિય સમાહનું આયોજન

| | |
|---|---|
| પ્રથમ દિવસ ગૌરવ યાત્રા દિનતા- ૦૬/૦૮/૨૦૨૫ | • સંસ્કૃત રેલી યાત્રા આપની શાળાના નજીકના વિસ્તારમાં પ્રસ્થાન, સમય અને પુર્ણાહુતી સ્થાન નિશ્ચિત કરવાનું રહેશે.<br>• નજીકનાં વિસ્તારના આમંત્રિત મહેમાનો અધિકારી, પદાધીકારીશ્રીઓને આમંત્રણ પાઠવી સંસ્કૃત રેલી યાત્રાનું પ્રસ્થાન કરાવવાનું રહેશે.<br>• રાજ્ય સરકારની શિક્ષણ નિતી - ૨૦૨૦ અંતર્ગ સંસ્કૃત શિક્ષણને મહત્વ પ્રદાન કરવા જન સામાન્યમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ, સંરક્ષણ સંવર્ધન તેમજ પ્રચાર પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.<br>સુંદર યાત્રામાં સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ સમય અને સ્થળથી યાત્રાનો પ્રારંભ સંસ્કૃત શ્લોક દ્વારા કરવાનો રહેશે.<br>• બાળકો તથા સામાજિકોને આનંદ પુર્વક સંસ્કૃત ગૌરવ યાત્રામાં જોડવા જે દરમિયાન સંસ્કૃતના ગીતો, સુભાષિતો, ગંતવ્ય સ્થાન સુધી આનંદથી પહોચે તેવું આયોજન કરવું.<br>• સંસ્કૃત ગૌરવ દર્શિત સુત્રોચાર યાત્રા દરમિયાન કરવું જરૂરી છે.<br>• યાત્રા દરમિયાન સરકારી સંસ્થાઓ દા.ત આર્મી, નેવી, એર કોર્સ, પોસ્ટ ઓફિસ, દુરદર્શન ભારત સરકાર ના ધ્યેય વાકયો દર્શાવતા ચિત્રો /બેનર સાથે રજુ કરવા. ભારતીય સંસ્કૃતિ જ્ઞાનને લગતી વેશ ભુષા પ્રદર્શિત કરવા<br>• પ્રથમ દિવસે સંસ્કૃત શ્લોક કંઠપાઠ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને ગુજરાતી ભાષામાં સંસ્કૃત વિષયો પર વિધાર્થીઓની નીચેના વિષયો પર વકૃત્વ સ્પર્ધાનું આયોજન ફરજિયાત કરવું<br><br>1. સંસ્કૃત આપણો વારસો અને વૈભવ<br>2. ભાગવત,ગીતા જીવન જીવવાની કળા<br>3. વિશ્વ શાંતિનો ઉપાય આપણી જ્ઞાન પરંપરા<br>4. વદતુ સંસ્કૃતમ જયતુ ભારતમ<br>5. રમ્ય રામાયણ કથા<br><br>ત્રણેય સ્પર્ધામાં પ્રથમ ક્રમ આપી વિધાર્થીની યાદી એસ.વી.એસ કક્ષાએ જાણ કરવી |
| દ્વિતિય દિવસ સંભાષણ દિવસ તા-૦૭/૦૮/૨૦૨૫ | • શાળા, કક્ષાએ તમામ શિક્ષકો / કર્મચારીશ્રીઓ પરસ્પર સંસ્કૃત ભાષામાં અભિવાદન કરે તે અંગેની વ્યવસ્થા ગોઠવવી.<br>• શાળા, કક્ષાએ તમામ શિક્ષકો / કર્મચારીશ્રીઓ દ્વારા તમામ નાગરીકોને શોશિયલ મિડિયાના માધ્યમથી સંસ્કૃત ભાષામાં શુભેચ્છા સંદેશ આપે તથા આ સાથે પોતાની લાગણી ગુજરાતી/હિન્દી ભાષામા વ્યક્ત કરી શકે જેથી દરેક વ્યક્તિના સંદેશાઓ એક બીજાથી અલગ ધ્યાનાકર્ષક અને વૈવિધ્યસભર બને.<br>• વિધાર્થીઓ શિક્ષકો દ્વારા સંસ્કૃતમાં અભિવાદન વિડિયો બનાવી શોશિયલ મિડીયામાં વાયરલ કરવા તેમજ આવા તમામ વિડિયો અને પ્રચાર પ્રસાર ના તમામ સાહિત્ય પર # Sanskritsaptah અપલોડ કરાવા જેથી તમામ સાહિત્ય એક જ સ્થળે એક જ જગ્યાએ સંગ્રહિત કરી શકાય અને સર્ચ કરનારને એક જ ક્લીકમાં તેનો ખજાનો પ્રાપ્ત થઇ શકે.<br>• શાળા કક્ષાએ આ દિવસનો સંપૂર્ણ પ્રાર્થના કાર્યક્રમ સંસ્કૃત ભાષામાં સંદર્ભ દર્શિત પત્રની સુચનાને ધ્યાને લઇ કરવાનો રહેશે.<br>• પ્રાર્થના સભામાં કરવાની પ્રવૃત્તિઓ જેવી કે સંસ્કૃત ગીત. સુભાષિત સમુહ ગાન કરાવવા. સંસ્કૃત સ્લોગન બોલી રીલ બનાવવી અને સોશિયલ મિડિયાના માધ્યમથી પ્રસારિત કરવી.<br>• એસ.વી.એસ કન્વીનરશ્રીઓએ શાળામાંથી શ્લોક કંઠપાઠ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે આવેલ આવેલ વિધાર્થીઓની સ્પર્ધાનું આયોજન કરવુ અને |

| | |
|---|---|
| • | એસ.વી.એસ. કક્ષાએ ત્રણેય સ્પર્ધામાં પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીઓની માહિતી એસ.વી.એસના કન્વીનરશ્રીઓને મોકલી આપવાની રહેશે. |
| તૃતિય દિવસ સંસ્કૃત સાહિત્ય દિવસ તા-૦૮/૦૮/૨૦૨૫ | • શાળા કક્ષાએ સંસ્કૃત સાહિત્ય પ્રદર્શની કરવી, જેમા સંસ્કૃત વિષય (સંસ્કૃત વિજ્ઞાનમ સાયન્સ ઇન સંસ્કૃત પ્રદર્શની) રાખી સ પરિસથિતિ અનુસાર વર્ગ ખંડ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવુ<br>• ભારતીય જ્ઞાન વારસાના ગ્રંથો તેમજ પ્રાચીન અર્વાચીન સંસ્કૃત સાહિત્યનું પરિચય વિડીયો નિદર્શન<br>• શાળા કક્ષાએ વિધાર્થીઓ દ્વારા ભારતીય જ્ઞાન પરંપરાને અનુલક્ષી ચિત્ર સ્પર્ધા કરાવવી<br>• એસ.વી.એસના કન્વીનરશ્રી દ્વારા તમામ એસ.વી.એસ. કક્ષાએથી આવેલ વિધાર્થીઓની સ્પર્ધાનું આયોજન જિલ્લા કક્ષાએ કરવાનું રહેશે |

ઉપરોક્ત ત્રિદિવસિય વિવિધ કાર્યક્રમના અહેવાલ અને ફોટોગ્રાફ તથા વિડિયોનું એકત્રીકરણ સ્મરણિકા બનાવવી. વિધાર્થીઓ દ્વારા હસ્તલિખિત અંકનું સંકલન અને સંપાદન કરવુ. (કવિતા સંગ્રહ, સુક્તિ સંગ્રહ, સુભાષિત સંગ્રહ, તથા કથા સંગ્રહ, શ્ર્લોક સંગ્રહ, કૃતિ અને કર્તાના પરિચયનો સંગ્રહ, જુદા જુદા સમય અને જુદા જુદા સ્થળોએ વપરાતા વાકયોના સંવાદ સંગ્રહ વગેરે) હસ્તલિખિત ગ્રંથમાં સૌથી ઉત્તમ કૃતિ આપનાર શાળા દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવું. સંસ્કૃત ભાષા કોર્નરમાં કાયમ માટે આ ગ્રંથ સાચવી રાખવો અને શાળાના મુલ્યાંકન સમયે વિધાર્થીઓની સર્જનાત્મકતાને ઉજાગર કરવા જણાવવામાં આવે છે.

30/7

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.

# गुजरात राज्य संस्कृत बोर्ड
ग ३ सर्कल समीपस्थः, स्वामि विवेकानन्द विद्याविहार केम्पस
सेक्टर १२ – गान्धिनगरम्
Email:-grsbg2020@gmail.com


સત્યમેવ જયતે

ક્રમાંક:-ગુ.રા.સ.બો/૨૦૨૫/૫૦૧-૫૮૯ તા.૧૪/૦૭/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ

વિષય : સંસ્કૃત સપ્તાહનાં વિશેષ ત્રિદિવસીય કાર્યક્રમનું આયોજન કરવા બાબત.

જય ભારત સાથે ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત શિક્ષણને મહત્વ પ્રદાન કરવા, તમામ શાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી), મહાવિદ્યાલયો, જન સામાન્યમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ,સંરક્ષણ,સંવર્ધન તેમજ પ્રચાર-પ્રસાર થાય તેવા ઉમદા હેતુ સાથે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા વિવિધ પાંચ યોજનાઓ માનનીય મુખ્ય મંત્રીશ્રીના વરદહસ્તે **"योजनापञ्चकं "** સ્વરૂપે લોકાર્પણ કરેલ છે. જે અંતર્ગત એક વિશેષ યોજના **"संस्कृतसप्ताह योजना"** અન્વયે ત્રિદિવસીય ઉજવણી તા.૦૬-૦૮-૨૦૨૫ થી તા.૦૮-૦૮-૨૦૨૫ દરમિયાન કરવાની હોય આ અંગેની વિગતવાર માહિતી આ સાથે સામેલ છે. સદર પત્ર સાથે જિલ્લા કક્ષાની સમિતિના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની વિગતો આ સાથે સામેલ છે.જે અન્વયે આપશ્રી હોદ્દાની રુએ સમિતિના સભ્ય સચિવશ્રી છો તેને આનુસંગિક કાર્યવાહી કરી જરૂરી આયોજન અને અમલ સુચારુ રૂપે થાય તે બાબતની વિશેષ કાળજી લઈ કાર્યક્રમનું અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ
સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંગેનો વિગતવાર પત્ર

(ડૉ. અવનીબા મોરી)
ખાસ ફરજપરનાં અધિકારી
ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ
ગાંધીનગર

સવિનય નકલ રવાના :

(૧) માનનીય અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ
(૨) જિલ્લા કલેકટરશ્રી તમામ
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ
(૪) પ્રાચાર્યશ્રી ડાયટ તમામ
(૫) અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ,ગાંધીનગર

નકલ રવાના :

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
(૨) શાસનાધિકારીશ્રી તમામ

પત્રક -૧

## સંસ્કૃત સપ્તાહ ત્રિદિવસીય કાર્યક્રમ માટે જિલ્લા કક્ષાની સમિતિ

સંસ્કૃત સપ્તાહ ત્રિદિવસીય કાર્યક્રમનાં આયોજન અને અમલીકરણ માટે જિલ્લા કક્ષાની સમિતિમાં અધ્યક્ષ,ઉપાધ્યક્ષ અને નીચે મુજબના સભ્યો રહેશે.

| જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતી | | |
|---|---|---|
| ક્રમ | સમિતીમાં હોદ્દો | મૂળ હોદ્દો |
| (૧) | અધ્યક્ષ | જિલ્લા કલેકટરશ્રી |
| (૨) | ઉપાધ્યક્ષ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી |
| (૩) | સભ્ય સચિવ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી |
| (૪) | સભ્ય | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી |
| (૫) | સભ્ય | પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન |
| (૬) | સભ્ય | રજીસ્ટ્રારશ્રી,( સંબંધિત યુનિવર્સીટી) |
| (૭) | સભ્ય- | પ્રાચાર્ય/આચાર્ય(સંસ્કૃત પાઠશાળા/મહાશાળા) |
| (૮) | સભ્ય | કોલેજના સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક |
| (૯) | સભ્ય | નોડલ અધિકારી (વર્ગ -૨) ( સંસ્કૃત બોર્ડની કામગીરી માટે જિલ્લા કક્ષાએથી નિમાયેલ ) |
| (૧૦) | સભ્ય | સંસ્કૃત વિષય તજજ્ઞ(બે) |

ઉક્ત સમિતીની બેઠક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજી કાર્યક્રમના સુચારુરૂપે અમલીકરણ માટે આયોજન કરવાનું રહેશે. આ માટે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ તરફથી જિલ્લાકક્ષાએ ખર્ચપેટે રૂ.૨૫૦૦૦/- ગ્રાન્ટ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને ફાળવવામાં આવશે. **કાર્યક્રમ પૂર્ણ થયાના સાત(૭) દિવસમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી વપરાયેલ ગ્રાન્ટની રકમ (બિલો અને વાઉચર સાથે ટૂંકા અહેવાલની ફાઈલ અલગથી રજૂ કરવાની રહેશે).** તેમજ સંસ્કૃત સપ્તાહની ઉજવણીનો અહેવાલ ફોટોગ્રાફ તથા વિડીયો સહીત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડને **Email:** grsbg2020@gmail.com પર મોકલી આપવાનો રહેશે.

## "સંસ્કૃત સપ્તાહ અંતર્ગત વિશેષ ત્રિદિવસીય કાર્યક્રમ"

સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત વિશેષ ત્રિદિવસીય કાર્યક્રમ અંતર્ગત તા.૦૬-૦૮-૨૦૨૫ થી તા.૦૮-૦૮-૨૦૨૫ સુધી એમ ત્રણ દિવસ સુધી જુદા-જુદા કાર્યક્રમોનું વિશેષ આયોજન કરેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

### પ્રથમ દિન

**❖સંસ્કૃત ગૌરવ યાત્રા- તા.૦૬-૦૮-૨૦૨૫ ❖**

સંસ્કૃત ગૌરવ યાત્રા દરમ્યાન યોજવાની થતી પ્રવૃત્તિઓ:-

સંસ્કૃત ગૌરવ યાત્રા માટે પ્રસ્થાન સ્થાન, સમય અને પુર્ણાહુતી સ્થાન નિશ્ચિત કરવાનું રહેશે. પછી આમંત્રિત મહેમાનો અને અધિકારી,પદાધીકારીશ્રી સર્વેને આમંત્રણ પાઠવી યાત્રાને પ્રસ્થાન કરાવવાનું રહેશે.આ સાથે આપેલ વિગતો આપના માર્ગદર્શન માટે છે. જેમાં આપ કાર્યક્રમની સફળતા માટે અન્ય વિગતો અને પ્રક્રિયા જોડી શકશો.સંસ્કૃત સપ્તાહ અંતર્ગત ત્રિ દિવસીય કાર્યક્રમમાં આપના દ્વારા રાજ્ય સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત શિક્ષણને મહત્વ પ્રદાન કરવા, તમામ શાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી), મહાવિદ્યાલયો, જન સામાન્યમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ,સંરક્ષણ,સંવર્ધન તેમજ પ્રચાર-પ્રસાર થાય તેવા તમામ પ્રયત્નો જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિના સભ્ય દ્વારા થાય તે અપેક્ષીત છે.

- યાત્રામાં વાહનોને જોડી સુશોભિત કરી સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ સમય અને સ્થળથી યાત્રા પ્રારંભ સંસ્કૃત શ્લોક દ્વારા કરવાનો રહેશે.
- બાળકો તથા સામાજિકોને આનંદપૂર્વક સંસ્કૃત ગૌરવ યાત્રામાં જોડીને તે દરમ્યાન સંસ્કૃતના ગીતો/ સુભાષિતો/ સંસ્કૃત ગરબા સાથે ગંતવ્ય સ્થાન સુધી આનંદથી પહોંચે તેવું આયોજન કરવું.
- સંસ્કૃત ગૌરવ દર્શિત સૂત્રોચાર યાત્રા દરમિયાન કરવામાં આવે.
- વિવિધ સરકારી સંસ્થાઓ દા.ત. આર્મી ,નેવી, એરફોર્સ, પોસ્ટ, દૂરસંચારનિગમ, દૂરદર્શન ભારત સરકાર વગેરેનાં ધ્યેયવાક્યો જે સંસ્કૃત ભાષામાં લખાયેલ છે, તે સંસ્થાના નામ સાથે બેનર સ્વરૂપે પ્રદર્શિત કરવા.
- સંસ્કૃત ગૌરવ યાત્રા દરમિયાન જુદા જુદા બેનર અને ચિત્રો પ્રદર્શિત કરવા જેવા કે વેદો, પુરાણો, ઋષિઓ, વિદુષીઓ, સંસ્કૃત સાહિત્ય કૃતિઓ અને સાહિત્યકારો વગેરે.
- યાત્રા દરમિયાન ભારતીય પ્રાચીન સાહિત્ય ગ્રંથોના વિશાળ નમૂનાઓ બનાવી ટેબ્લો તૈયાર કરી ભારતીય સંસ્કૃતિ જ્ઞાનને લગતી રેપ્લિકા (પ્રતિકૃતિ) વેશભૂષા વગેરે પ્રદર્શિત કરવા.
- ગુજરાત રાજ્યના તમામ જિલ્લા કક્ષાએ કરેલ રેલીના મહેમાનોમાં વિવિધ ક્ષેત્રના અધિકારીઓ અને પદાધિકારીઓને નિમંત્રણ આપવામાં આવે..
- જિલ્લા કક્ષાએ કરેલ રેલીને પ્રોત્સાહિત કરવા માટે રેલી દરમિયાનની એક વીડિયો ક્લિપ ઉતારી બોર્ડને મોકલી આપવી તેમાંથી ઉત્તમ કક્ષાની પ્રદર્શિત થયેલ રેલીને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા પુરસ્કૃત કરવામાં આવશે.

**દ્વિતિય દિન**

**❖ સંસ્કૃત સંભાષણ દિન- તા.૦૭-૦૮-૨૦૨૫ ❖**

સંસ્કૃત સંભાષણ દિન નિમિત્તે કરવાની પ્રવૃત્તિઓ :-

- શાળા, તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાએ તમામ અધિકારી અને પદાધિકારીઓ પરસ્પર સંસ્કૃત ભાષામાં અભિવાદન કરે તે રીતે વ્યવસ્થા ગોઠવવી.
- અધિકારીઓ તથા પદાધિકારીઓ તમામ નાગરિકોને સોશિયલ મીડિયાના માધ્યમથી સંસ્કૃત ભાષામાં શુભેચ્છા સંદેશો આપે તથા આ સાથે અધિકારી પોતાની લાગણી ગુજરાતી / હિન્દી ભાષામાં પણ વ્યક્ત કરી શકે. જેથી દરેક વ્યક્તિના સંદેશાઓ/શુભેચ્છાઓ એકબીજાથી અલગ અને ધ્યાનાકર્ષક વૈવિધ્યસભર બને.
- વિદ્યાર્થીઓ શિક્ષકો દ્વારા સંસ્કૃતમાં અભિવાદન વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરવા તેમજ આવા તમામ વિડિયો અને પ્રચાર પ્રસારના તમામ સાહિત્ય પર #Sanskritsaptah પર અપલોડ કરવા જેથી તમામ સાહિત્ય એક સાથે એક જ જગ્યાએ સંગ્રહિત કરી શકાય અને સર્ચ કરનારને એક ક્લિકમાં જ તેનો ખજાનો મળી શકે.
- વર્ગખંડમાં વાતચીત અને વ્યવહારમાં સંસ્કૃત લાવવા માટે SSA દ્વારા પ્રકાશિત "संस्कृत सोपानम्" તથા GCERT દ્વારા પ્રકાશિત "संस्कृत निर्देशिका" પુસ્તકોનો ઉપયોગ વિદ્યાર્થી અને શિક્ષક દ્વારા કરવો.
- શાળા કક્ષાએ આ દિવસનો સંપૂર્ણ પ્રાર્થનાકાર્યક્રમ સંસ્કૃત ભાષામાં કરવો. તેમજ પ્રાર્થના સભામાં નીચે મુજબની પ્રવૃતિ કરાવવી.
- સંસ્કૃત ગીત, સુભાષિત વગેરેના સસ્વર વ્યક્તિગત ગાન અને સમૂહ ગાન કરાવવા.
- અભ્યાસક્રમમાં હોય તેવા નાટ્યાત્મક અંશોના સંવાદોના કંઠપાઠ કરાવવા.
- સંસ્કૃત સંભાષણ શા માટે તે બાબતે તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવું. સંસ્કૃત ભાષાની વૈજ્ઞાનિક અને સંસ્કૃતમાં રહેલા વિજ્ઞાન બાબતને વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજ સમક્ષ મૂકવામાં આવે તેમ આયોજન કરવું.
- સંસ્કૃત પ્રશ્નોત્તરી નું આયોજન કરવું જેમાં સાહિત્ય કૃતિ, સાહિત્યકાર અને સાહિત્ય કૃતિનો મુખ્ય સંદેશ, સાહિત્ય કૃતિના મુખ્ય પાત્ર, સાહિત્યના પ્રકાર વગેરે બાબતોને આવરી લેતાં વિદ્યાર્થીના સ્તર મુજબ અભ્યાસક્રમને ધ્યાને રાખી સંસ્કૃત પ્રશ્નોત્તરીનું આયોજન કરવું.

➢ એક મિનિટ સ્પર્ધાનું આયોજન કરવું જેમાં નીચેના વિષય સામેલ કરવા. જેમાં સંસ્કૃત કર્તા, કૃતિ, પાત્ર, સાહિત્ય પ્રકાર વગેરેનાં નામ લખાવી તથા બોલાવી સ્પર્ધા કરાવવી.
➢ સંસ્કૃત શ્લોગન બોલી રીલ બનાવી સોસીયલ મીડિયામાં પ્રસારિત કરાવવી.

## તૃતિય દિન

## ❖સંસ્કૃત સાહિત્ય દિન તા.૦૮-૦૮-૨૦૨૫❖

પ્રવૃતિઓ :-

➢ જિલ્લા કક્ષાએ સંસ્કૃત સાહિત્યની પ્રદર્શની કરવી-જેમાં ભારતીય જ્ઞાન વારસાના ગ્રંથો તેમજ પ્રાચીન અર્વાચીન સંસ્કૃત સાહિત્યનું પ્રદર્શન, ઝાંખી, સંસ્કૃત સાહિત્ય પરિચય વિડીયો નિદર્શન તેમજ संस्कृते विज्ञानम् (સાયન્સ ઇન સંસ્કૃત) પ્રદર્શની આ દિવસે ગોઠવવી.
➢ જિલ્લા કક્ષાએ સંસ્કૃત સાહિત્યસભાનું આયોજન થાય જેમાં સંસ્કૃત સાહિત્ય સાહિત્યકારો લેખકો કવિઓ વગેરેની આમંત્રિત કરી સંસ્કૃત ભાષા સંબંધિત વક્તવ્યો, ચર્ચા ગોષ્ઠી વગેરેનું આયોજન કરવું
➢ તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવું જેમાં.
➢ વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય જ્ઞાન પરંપરાને અનુલક્ષીને ચિત્ર સ્પર્ધા કરવી અને દોરાયેલા ચિત્રોને જિલ્લા કક્ષાના સંસ્કૃત સાહિત્ય પ્રદર્શનમાં મુકવા.
➢ વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત પ્રતિકો, શ્લોકો અને ધ્યેય વાક્યોને દર્શાવતી રંગોળી બનાવવી.
➢ ભારતીય પરંપરા મુજબ શાળા અથવા વર્ગખંડને સુશોભિત કરવા.
➢ સંસ્કૃત સુભાષિતો/શ્લોક કંઠ પાઠ સ્પર્ધા/અર્થઘટન સ્પર્ધા, યોજવી.
➢ સંસ્કૃત ભાષાના મહત્ત્વ આધારિત વકતૃત્વ સ્પર્ધા

ઉપરોક્ત ત્રિદિવસીય ત્રિવિધ કાર્યક્રમના અહેવાલ અને ફોટોગ્રાફ તથા વીડિયોનું એકત્રીકરણ કરી સ્મરણિકા બનાવવી. વિદ્યાર્થીઓ દ્વારા હસ્તલિખિત અંકનું સંકલન અને સંપાદન કરવું. (કવિતા સંગ્રહ, સુક્તિ સંગ્રહ, સુભાષિત સંગ્રહ, કથા સંગ્રહ, શ્લોક સંગ્રહ, કૃતિ અને કર્તાના પરિચયનો સંગ્રહ, જુદા જુદા સમય અને જુદા જુદા સ્થળોએ વપરાતા વાક્યોના સંવાદ સંગ્રહ વગેરે) હસ્તલિખીત ગ્રંથમાં સૌથી ઉત્તમ કૃતિ આપનારનું શાળા દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવું. સંસ્કૃત ભાષા કોર્નરમાં કાયમ માટે આ ગ્રંથ સાચવી રાખવો અને શાળાના મૂલ્યાંકન સમયે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને ઉજાગર કરવી.

નોંધ : **આ સાથે સામેલ પત્રક અ,બ,ક ની વિગતો ભરીને સંસ્કૃત સપ્તાહ પૂર્ણ થયા બાદ**
**Email: grsbg2020@gmail.com પર સમયસર મોકલવાના રહેશે.**

પત્રક-અ

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર

સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત ગૌરવયાત્રાનું માહિતી પત્રક

| ક્રમ | સંસ્કૃત ગૌરવયાત્રા અંગેની વિગત | |
|---|---|---|
| ૧ | જીલ્લાનું નામ | |
| ૨. | સંસ્કૃત ગૌરવયાત્રાની તારીખ અને સમય | |
| ૩ | સંસ્કૃત ગૌરવયાત્રાનું સ્થળ (ક્યા થી ક્યાં સુધી) | |
| ૪ | સંસ્કૃત ગૌરવયાત્રામાં જોડાનાર પદાકારીશ્રીઓની સંખ્યા | |
| ૫ | સંસ્કૃત ગૌરવયાત્રામાં જોડાનાર અધિકારીશ્રીઓની સંખ્યા | |
| ૬ | સંસ્કૃત ગૌરવયાત્રામાં જોડાનાર કર્માંચારીશ્રીઓની સંખ્યા | |
| ૭ | સંસ્કૃત ગૌરવયાત્રામાં જોડાનાર વિદ્યાર્થીઓની સંખ્યા | |
| ૮ | સંસ્કૃત ગૌરવયાત્રા દરમ્યાનની વિડીયોક્લીપની લિંક | |
| ૯ | સંસ્કૃત ગૌરવયાત્રા દરમ્યાનની ફોટોની લિંક | |
| ૧૦ | વિશેષ વેશભૂષા સાથેનાં વિદ્યાર્થીઓની સંખ્યા | |
| ૧૧ | સંસ્કૃત ગૌરવયાત્રા દરમ્યાન રજૂ થયેલ ટેબ્લોની સંખ્યા | |
| ૧૨ | સંસ્કૃત ગૌરવયાત્રા દરમ્યાન રજૂ થયેલ ચિત્રો,બેનરની સંખ્યા | |

પત્રક-બ

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર

સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત સંભાષણ દિનનું માહિતી પત્રક

| ક્રમ | સંસ્કૃત સંભાષણ દિન અંગેની વિગત | |
|---|---|---|
| ૧ | જીલ્લાનું નામ | |
| ૨. | સંસ્કૃત સંભાષણ દિન તારીખ | |
| ૩ | સંસ્કૃત સંભાષણ દિન જોડાનાર પદાકારીશ્રીઓની સંખ્યા | |
| ૪ | સંસ્કૃત સંભાષણ દિન જોડાનાર અધિકારીશ્રીઓની સંખ્યા | |
| ૫ | સંસ્કૃત સંભાષણ દિન જોડાનાર કર્માચારીશ્રીઓની સંખ્યા | |
| ૬ | સંસ્કૃત સંભાષણ દિનમાં જોડાનાર શાળાઓની સંખ્યા | |
| ૭ | સંસ્કૃત સંભાષણ દિન માટે પાઠવેલ શુભેચ્છા સંદેશ અંગેની વિડીયોક્લીપની લિંક | |
| ૮ | જિલ્લામાં પદાધિકારીઓ/ અધિકારીઓ દ્વારા સંસ્કૃત સંભાષણ દિન ઉજવણી સંદર્ભે **WHATSAPP , FACEBOOK, TWITTER, INSTAGRAM,** વગેરે સોશિયલ મીડિયા પર પ્રતીકરૂપ લિખિત સંદેશાઓના ફોટોગ્રાફ અને તેની લિંક | |
| ૯ | જિલ્લામાં સંસ્કૃત સંભાષણ દિન ઉજવણી અંતર્ગત સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત ભાષામાં થયેલ હોય તેવી શાળાઓની સંખ્યા | |
| ૧૦ | જિલ્લામાં સંસ્કૃત સંભાષણ દિન ઉજવણી અંતર્ગત યોજાયેલ વિશેષ વ્યાખ્યાનોની સંખ્યા | |

પત્રક-૬

## ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર

## સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય દિનનું માહિતી પત્રક

| ક્રમ | સંસ્કૃત સાહિત્ય દિન અંગેની વિગત | |
|---|---|---|
| ૧ | જીલ્લાનું નામ | |
| ૨. | સંસ્કૃત સાહિત્ય દિન તારીખ | |
| ૩ | સંસ્કૃત સાહિત્ય દિન જોડાનાર પદાકારીશ્રીઓની સંખ્યા | |
| ૪ | સંસ્કૃત સાહિત્ય દિન જોડાનાર અધિકારીશ્રીઓની સંખ્યા | |
| ૫ | સંસ્કૃત સાહિત્ય દિનમાં જોડાનાર શાળાઓ / તમામ કોલેજની સંખ્યા | |
| ૬ | સંસ્કૃત સાહિત્ય દિન અંતર્ગત પ્રાચીન સંસ્કૃત પુસ્તક પ્રદર્શન યોજેલ તમામ શાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી), તમામ કોલેજ ની સંખ્યા | |
| ૭ | સંસ્કૃત સાહિત્ય દિન અંતર્ગત **संस्कृते विज्ञानम्** પ્રદર્શન યોજેલ તમામશાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી), તમામ કોલેજની સંખ્યા | |
| ૮ | સંસ્કૃત સાહિત્ય દિન અંતર્ગત તમામ શાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી), તમામ કોલેજ યોજેલ ચિત્ર સ્પર્ધાઓમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | |
| ૯ | સંસ્કૃત સાહિત્ય દિન અંતર્ગત તમામ શાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી), તમામ કોલેજ યોજાયેલ સંસ્કૃત પ્રતીકો, શ્લોકોનું અને ધ્યેય વાક્યોને દર્શાવતી રંગોળીઓની સંખ્યા | |
| ૧૦ | સંસ્કૃત સાહિત્ય દિન અંતર્ગત તમામ શાળાઓ(પ્રાથમિક,માધ્યમિક,ગ્રાન્ટેડ,ખાનગી),તમામ કોલેજ માં યોજાયેલ સંસ્કૃત સુભાષિતોના અર્થઘટન અને નીતિ વાક્યોના પઠન અંગેની સ્પર્ધાઓની સંખ્યા | |